**PRESS RELEASE**

INSIGHT
THE CONSUMER MAGAZINE

# ૧૩ બ્રાન્ડઝનાં ૪૦ વૉટનાં જી.એલ.એસ. વિજળીનાં ગોળાનું પરિક્ષણ, ૪ બ્રાન્ડ નિષ્ફળ, કેટલાક ખોટા દાવાઓ.

**ઈનસાઈટ - ધ કન્ઝ્યુમર મેગેઝીને** તેની પોતાની જ પ્રયોગશાળા કે જે વસ્તુઓનું તુલનાત્મક પરિક્ષણ કરે છે તેમાં ૧૩ બ્રાન્ડઝનાં, ૪૦ વૉટ ના જી.એલ.એસ. વિજળીનાં ગોળાઓ (૧૦ બ્રાન્ડઝ ૨૩૦ વૉલ્ટ અને ૩ બ્રાન્ડઝ ૨૫૦ વૉલ્ટ) નું પરિક્ષણ કરી તેનાં પરિણામો, જાન્યુઆરી – ફેબ્રુઆરી ૨૦૦૭ નાં અંકમાં પ્રસિધ્ધ કરેલ છે. તેની ભલામણ મુજબ ખરીદવા માટે ક્રોમ્પ્ટન, **લક્ષ્મણ સિલવેનીયા, ઓસરામ ક્લાસીક ક્લીયર, સૂર્યા સુપર** અને **જીઇ ક્રીસ્ટલ ક્લીયર** શ્રેષ્ઠ બ્રાન્ડઝ છે.

વિજળીના ગોળા જે ટેકનીકલી જી.એલ.એસ. અથવા જનરલ લાઈટીંગ સર્વિસ લેમ્પસ્ તરીકે ઓળખાય છે તેને લગભગ દરેક લોકો ખરીદે છે અને તે પુષ્કળ પ્રમાણમાં વપરાય છે. આ ગોળા ઇલેક્ટ્રીકની સામગ્રી વેચતી બધી જ દુકાનોમાં આસાનીથી મળી જાય છે.

૧૩ બ્રાન્ડસનું પરિક્ષણ ૧૧ પ્રકારની ચકાસણીઓ દ્વારા કરવામાં કરવામાં આવ્યું જેનાં મુખ્ય પરિણામો નીચે આપેલ છે.

## સરેરાશ આયુષ્ય :

આપણે વિજળીનો ગોળો ખરીદતી વખતે આ જરૂર વિચારીએ છીએ તે કેટલો લાંબો ચાલશે. ભારતીય માનક બ્યૂરોનાં ઠરાવ્યા પ્રમાણે ગોળાનું ઓછામાં ઓછું સરેરાશ આયુષ્ય ૯૬૦ કલાક હોવું જોઇએ આના માટે દરેક બ્રાન્ડઝનાં ૨૦ નમુનાઓ ચકાસવા જોઇએ.

જેમાં **વિપ્રો સેફલાઇટ** (૯૪૧.૦૪ કલાક) અને પ્રકાશ **લાઇટ** (૭૭૬.૩૭ કલાક) આયુષ્યની ચકાસણીમાં ઉતિર્ણ ન થઇ શકી.

## કુલ સરેરાશ આયુષ્ય :

ગ્રાહક ૯૬૦ કલાક પછી પણ ગોળો ફેંકી દેતો નથી. આથી અમે આ ચકાસણીને બધી જ બ્રાન્ડઝનાં દરેકે દરેક ગોળાનું આયુષ્ય પુરૂ ન થાય ત્યાં સુધી આગળ વધારી..

ભારતીય માનક બ્યૂરોનાં ઠરાવેલ જરૂરિયાત પ્રમાણે અમે દરેક પ્રકારના ૨૦ નમુનાઓનું ૧૨૫૦ કલાક સુધી આયુષ્યની ચકાસણી માટે પરિક્ષણ કર્યું જેથી દરેક બ્રાન્ડનું સરેરાશ આયુષ્ય ઓછામાં ઓછું ૯૬૦ કલાક છે કે નહીં તે જોઇ શકાય.

જે બ્રાન્ડનાં ગોળાનું આયુષ્ય ૧૨૫૦ કલાકથી વધુ હતું તે ગોળા પર વધારેલ આયુષ્યનું પરિક્ષણ કરવામાં આવ્યું. આ પરિક્ષણનો હેતુ દરેક ગોળાનું આયુષ્ય અને પ્રકાશ અંગે ગ્રાહકને માહિતગાર કરવા માટેનો હતો. ભારતીય માનક બ્યૂરોના નિર્દિષ્ઠ ધોરણો અન્વયે પ્રત્યેક બ્રાન્ડના જે ૨૦ નમુનાઓ ચકાસ્યા તેમાં **કોમ્પ્ટન**ના ૧૪ અને **લક્ષ્મણ સિલ્વેનીયા** તથા **સૂર્યા સુપર** બંનેનાં ૧૧ નમુનાઓ ૧,૨૫૦ કલાક સુધી ચાલુ રહ્યા હતા. આથી તેને વધારેલ આયુષ્યનાં પરિક્ષણ માટે લીધા હતા. **ઓસરામ, જીઇ, બજાજ** અને **સિમા**ને પણ વધારેલ આયુષ્ય માટેનાં પરિક્ષણમાં લીધેલ હતી.

**લક્ષ્મણ સિલવેનીયાનું** કુલ સરેરાશ આયુષ્ય સૌથી વધુ ૧૩૩૭.૬૫ કલાક હતું જેનાં પછી આવે છે **કોમ્પટન જેનું આયુષ્ય** ૧૩૩૦.૨૬ કલાક હતું.

## શરૂઆતનું વૉટેજ :

વિજળી ઉપર ચાલતી કોઇપણ વસ્તુ વાપરનારાઓ માટે વિજળીનો વપરાશ પણ મુખ્ય મુદ્દો છે. વિજળીનાં ગોળા પર તેમાં દર્શાવેલા વૉટેજ કરતાં વધારે વૉટેજ વપરાય તો વિજળીનું બિલ વધારે આવે. ભારતીય માનક બ્યૂરોના ઠરાવ્યા પ્રમાણે ૪૦ વૉટનો ગોળો ૪૨.૧ વૉટથી વધારે વિજળી ન વાપરતો હોવો જોઇએ.

આ ચકાસણીમાં **ડાયમન્ડ** નિષ્ફળ થઇ. તેનો વિજળી વપરાશ ૪૩.૪૨ થી ૪૬.૧૨ વૉટ સુધીનો હતો.

## દાવાઓ સામે હકીકત :

**વિપ્રોમાં** આઈએસઆઇનો માર્કો હોવા છતાં તેના બધા નમુનાઓ છાપ અંગેનાં પરિક્ષણમાં નિષ્ફળ નિવડ્યા. એનું સરેરાશ આયુષ્ય ફક્ત ૯૪૧.૦૪ કલાક જ હતું. જે ભારતીય માનક બ્યૂરોની જરૂરિયાત મુજબ ઓછામાં ઓછું ૯૬૦ કલાક હોવું જોઇએ. **પ્રકાશ લાઇટ્**માં પણ આઇએસઆઇનો માર્કો હોવા છતાં તેનુ સરેરાશ આયુષ્ય ૭૭૬.૩૭ કલાકનું જ હતું.

**સૂર્યા સુપરનો** “લાંબા આયુષ્ય” નો દાવો છે. પરિક્ષણમાં તેનું કુલ સરેરાશ આયુષ્ય ૧૨૩૨.૩૬ કલાક હતું. જ્યારે **લક્ષ્મણ સિલવેનીયા** અને **કોમ્પ્ટનનું** કુલ સરેરાશ આયુષ્ય અનુક્રમે ૧૩૩૭.૬૫ કલાક અને ૧૩૩૦.૨૬ કલાક હતું. આવા બીજા ઉત્પાદકોનાં ઘણાં દાવાઓ **ઇનસાઇટ** સામાયિકમાં પર્દાફાશ કરવામાં આવ્યા છે.

## પ્રકાશની જાળવણી :

માનક મુજબ દરેક વિજળીનો ગોળો વ્યવસ્થિત પ્રકાશ જાળવી રાખે તે જરૂરી છે. જ્યારે દરેક ગોળો ૭૫૦±૨૫ કલાક સુધી ચાલે ત્યારે પણ ઓછામાં ઓછો શરૂઆતનાં પ્રકાશનાં ૮૫ ટકા પ્રકાશ જાળવી રાખે તે જરૂરી છે. **કોમ્પ્ટને** (૯૫.૩૬ ટકા) સૌથી વધુ પ્રકાશ જાળવ્યો હતો.

## ઉર્જા નો ખર્ચ :

વાર્ષિક ઉર્જા ખર્ચ સૌથી ઓછો **ફિલિપ્સ** (૯૩૭.૨૦ રૂ.) અને **બજાજ** (૯૩૭.૬૭ રૂ.) માં સૌથી ઓછો અને સૌથી વધુ ડાયમન્ડમાં (૧૦૩૨.૭૫ રૂ.) માં ગણાયો.

**કાર્યક્ષમતા :**

જે વિજળીનો ગોળો સૌથી ઓછી વિજળી વાપરીને સૌથી વધુ પ્રકાશ આપે તેને સૌથી વધુ કાર્યક્ષમ ગણવામાં આવે છે. વધુ કાર્યક્ષમ મતલબ ગુણવત્તાયુક્ત ફેંકાતા પ્રકાશની સાથે-સાથે ઓછો ઉર્જા વપરાશ અને આ રીતે ઓછું વિજળીનું બીલ જો કે આના માટે કોઇ નિશ્ચિત ભારતીય માનક નથી. અમે જ્યારે ૧૨૫૦ કલાકે આ કાર્યક્ષમતા માપી, ત્યારે જાણવા મળ્યું કે બધી બ્રાન્ડઝમાં **બજાજની કાર્યક્ષમતા સૌથી વધુ ૧૦.૪૨ હતી.જ્યારે લક્ષ્મણ સિલવેનીયાની સૌથી ઓછી** ૮.૭૯ હતી.

**છાપ :**

**વિપ્રોસેફલાઇટ**નાં દરેક ગોળા પરની છાપ સામાન્ય વપરાશમાંજ ભૂંસાઇ ગઇ હતી. માનકનાં ઠરાવ્યા મુજબ છાપ સ્પષ્ટ વંચાય અને ભૂંસાય નહીં તેવી હોવી જોઇએ.

૪૦ વૉટનાં **ઓરિએન્ટનાં** ગોળાની ઉપર ૪૦ વૉટ છપાયેલું હતું જે યોગ્ય છે. પરંતુ તેનાં ખોખા ઉપરની છાપમાં ૨૫ વૉટ ૨૧૫ લ્યૂમેન (પ્રકાશ) છાપેલું હતું જે ૪૦ વૉટ ૪૧૦ લ્યૂમેન (પ્રકાશ) હોવું જોઇતુ હતું.

આથી **વિપ્રોસેફલાઇટ** અને **ઓરિએન્ટ**, છાપ માટે ઠરાવેલ જરૂરિયાતો મુજબ નહતા.

બધી જ બ્રાન્ડઝને યાંત્રીક અને ભૌતિક ગુણધર્મો, ગોળાનો ઘેરાવો, ઇન્ટર ચેન્જેબીલીટી માટેનું નિયંત્રણ અને સલામતિ, ટોર્સન, ઇન્સ્યુલેશન રેઝીસ્ટન્સ, સૉલ્ડર, એજીંગ અને ટોર્સનની ૧૨૫૦ કલાક પછીની ચકાસણી વિગેરે માટે ચકાસવામાં આવ્યું જેમાં બધી જ બ્રાન્ડ પરિણામ બિન્દુને અનુરૂપ હતું.

નિર્ધારિત નિતિ પ્રમાણે અમે બધા પરિણામો પ્રસિધ્ધ અને પ્રકાશિત કરતાં પૂર્વે બધા ઉત્પાદકોને પરિક્ષણનાં પરિણામોની, તેમનાં મંતવ્યો અને ટીકાઓ માટે જાણ કરીએ છીએ. જેમાં દરેકને માત્ર તેનાં જ ઉત્પાદનોનાં પરિણામો પ્રાપ્ત થાય છે.

**વિપ્રો** લી.એ એમની બ્રાન્ડને આયુષ્યની ચકાસણીમાં અનુત્તિર્ણ ઠેરવ્યા માટે એવું જણાવ્યું કે તેઓને તેમનાં આંતરિક પરિક્ષણમાં આવી કોઇ નિષ્ફળતાં માલુમ પડેલ નહીં તેઓએ ઉમેર્યું કે તેમણે પ્રક્રિયાનો ફરી અભ્યાસ કરતાં સરેરાશ આયુષ્ય ૧૧૪૦ કલાક માલુમ પડેલ છે.. વિજળીનાં ગોળાનાં નમુનાના જે જથ્થાની આયુષ્યની ચકાસણી કરવામાં આવી હતી તેના મુજબ તેનું આયુષ્ય ૧૦૮૦ કલાક જોવા મળ્યું હતું. અમારી ચકાસણી મુજબ **વિપ્રોસેફલાઇટનાં** વિજળીનાં ગોળાનું આયુષ્ય ૯૪૧.૦૪ કલાક માલુમ પડ્યું હતું. કંપનીએ અમને જણાવ્યું કે, તમારા પરિક્ષણને અમે ધ્યાનપૂર્વક વિચારીને નમુનાઓનું પરિક્ષણ કરીશું. જેથી નિષ્ફળતાનું કારણ જાણી શકાય.

ગુણાંક અને ક્રમાંકની વિગતો, શ્રેષ્ઠ ખરીદી અને ઉત્પાદકો સાથેનાં પત્ર-વ્યવહાર અને ખુલાસાઓનાં અંશો **ઇનસાઇટ - ધ કન્ઝ્યુમર મેગેઝીન**નાં **જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭** નાં અંકમાં વિગતવાર પ્રસિધ્ધ કરાયા છે.

**તા. - ૨૪-૧-૨૦૦૭**
**સ્થળ - અમદાવાદ**

**પ્રિતિ શાહ**
**તંત્રી ઇનસાઇટ - ધ કન્ઝ્યુમર મેગેઝીન**

**બિડાણ :** ગુણાંક અને ક્રમાંકનું કોષ્ટક અને શ્રેષ્ઠ ખરીદી

## <u>પરિક્ષણમાં લીધેલી બ્રાન્ડ</u>

૪૦ વૉટ, ૨૩૦ વૉલ્ટસનાં પરિક્ષણમાં લીધેલ બ્રાન્ડઝમાં **ક્રોમ્પ્ટન, લક્ષ્મણ સિલવેનીયા, ઓસરામ ક્લાસીક ક્લિયર, સૂર્યા સુપર, જીઇ ક્રિસ્ટલ ક્લીયર, ન્યુ સીમા સુપર, વિપ્રો સેફલાઇટ, બજાજ, ફિલિપ્સ ક્લાસીકટોન ક્લીયર** અને **એન્કરનો** સમાવેશ થયો હતો. જ્યારે ૪૦ વૉટ, ૨૫૦ વૉલ્ટસનાં પરિક્ષણમાં **ઓરિએન્ટ, ડાયમન્ડ** અને **પ્રકાશ લાઇટસ**નો સમાવેશ થયો હતો.

**માનક :** ૪૦ વૉટ જી.એલ.એસ. વિજળીનાં ગોળાને ભારતીય માનક નં.૪૧૮-૧૯૭૮ નાં સાત સુધારાઓને સામે રાખી, પ્રયોગશાળામાં તપાસ કરવામાં આવી છે.

માનકોને અનુરૂપ સામાન્ય ગુણો માટેનાં બધાજ પરિક્ષણોમાં નમુનાનાં વિજળીના ગોળાઓએ ઉતિર્ણ થવું જરૂરી છે. ગ્રાહકને વધુ માહિતી પુરી પાડવા માટે, માનકમાં દર્શાવવામાં નહોતા આવ્યા તેવા પાંચ વધારાનાં પરિક્ષણ પણ હાથ ધરવામાં આવ્યા હતા.

---

**Consumer Education and Research Centre**
**Thaltej, Sarkhej-Gandhinagar Highway**
**Ahmedabad - 380054, Gujarat, India**
**Phone : 079-27489945/46, 27450528, 30121001-2-3**
**Fax : 079-27489947**
**Email : cerc@cercindia.org**
**manubhai_cerc@hotmail.com**
**Website : www.cercindia.org**

**Read INSIGHT - The Consumer Magazine**

---